ગાંધીનગર સમાચાર

# ભારતીય રેલવેનું ખાનગીકરણ કરાશે નહીં : મોદી

વારાણસી,તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે તેમના સંસદીય મત વિસ્તાર વારાણસી પહોંચ્યા હતા. જ્યાં મોદીએ શ્રેણીબદ્ધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. મોદીએ તમામ લોકોની દહેશતને દૂર કરતા કહ્યું હતું કે, ભારતીય રેલવેનું ખાનગીકરણ કરવામાં આવશે નહીં. રેલવે પ્રધાન સુરેશ પ્રભુની ઉપસ્થિતિમાં ડિઝલ લોકોમોટીવ વર્ક્સ ખાતે વારાણસીમાં એકત્રિત લોકોને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, મેક ઈન ઈન્ડિયા ઝુંબેશ ઝડપથી આગળ વધે તે જરૂરી છે. ભારતની જે જરૂરીયાત છે તે ચીઝો ભારતમાં કેમ ન બનાવી શકાય. રેલવેને આપવામાં આવેલા વધારે મહત્વ ઉપર વાત કરતા મોદીએ ભારતીય રેલવેની ક્ષમતાને પ્રોત્સાહન આપતા ચાર રેલવે યુનિવર્સિટી સ્થાપિત કરવાની વાત કરી હતી. જેનાથી દેશને આગળ લઈ જવામાં મદદ મળશે. વડાપ્રધાને રેલવેને ભારતના આર્થિક વિકાસ માટેની કરોડરજ્જુ બનાવવાની વાત કરી હતી. રેલવેના વિકાસ માટે વધુ નાણા મુકવાની જરૂરીયાત ઉપર તેમણે ભાર મુક્યો હતો. યુવાનોને અમે મેક ઈન ઈન્ડિયા માટે અપીલ કરી રહ્યા છે. અગાઉ દિવસમાં વારાણસી હિંદુ યુનિવર્સિટી ખાતે એક કાર્યક્રમમાં બોલતા મોદીએ કહ્યું હતું કે, ૨૧મી સદી જ્ઞાનના યુગ તરીકે છે. વિશ્વને ફાયદો થાય તેવું કામ આપણે કરવાની જરૂર છે. તેમણે કહ્યું હતું કે, અમારી શિક્ષણ વ્યવસ્થામાં માત્ર રોબોટ તૈયાર થાય તે યોગ્ય નથી. લોકસભા મત વિસ્તારમાં પહોંચેલા મોદીએ ગુડ ગવર્નન્સ ડે અથવા તો સુશાસન દિવસની



ઉજવણી કરવા વારાણસી પહોંચ્યા બાદ વિવિધ મુદ્દા પર વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, અમારે શૈક્ષણિક વ્યવસ્થા ખૂબ અસરકારક રહેવી જોઈએ. લેબમાં જે રીતે રોબોટ તૈયાર કરી શકાય છે તેવી વ્યવસ્થા શિક્ષણની રહેવી જોઈએ નહીં. પર્સનાલિટી ડેવલોપમેન્ટ મહત્વપૂર્ણ છે. સમગ્ર વિશ્વને સારા શિક્ષકોની જરૂર છે. સારું શિક્ષણ સારા શિક્ષક સાથે સંબંધિત છે. સારા શિક્ષકો કઈ રીતે તૈયાર કરી શકાય છે તેના પર ભાર મુકવાની જરૂર છે. દરેક સ્કુલ આમાં યોગદાન આપી શકે છે. આ કાર્યક્રમમાં માનવ સંશાધન વિકાસ પ્રધાન સ્મૃતિ ઈરાની પણ ઉપસ્થિત રહ્યા હતા. મોદીએ વિવિધ મુદ્દા ઉપર વાત કરી હતી. અગાઉ મોદી એક દિવસની યાત્રાએ તેમના સંસદીય મત વિસ્તારમાં પહોંચ્યા હતા. ૭-૮ નવેમ્બરના દિવસે મોદી પ્રથમ વખત વારાણસી પહોંચ્યા બાદ આ તેમની બીજી મુલાકાત છે. મોદીની સાથે ઘણા બધા ટોચના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉત્તર પ્રદેશમાં આના માટે પહેલાથી જ સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. સ્મૃતિ ઈરાની ઉપરાંત રેલવે રાજ્ય પ્રધાન મનોજસિંહા, મહેશ શર્મા, રાજ્ય ભાજપ પ્રમુખ લક્ષ્મીકાંત વાજપેયી પણ ઉપસ્થિત રહ્યા હતા. પંડિત મદન મોહન માલવીય દ્વારા સ્થાપિત વારાણસી હિંદુ યુનિવર્સિટીમાં પણ તેઓ પહોંચ્યા હતા. માલવીયનો આજે જન્મદિવસ હતો. સરકારી વિભાગોમાં સેમિનાર આયોજિત કરાયા હતા. આજે ક્રિસમસના દિવસની રજા પણ હતી.

## ગોડસેની ફિલ્મને લઈને આજે કોર્ટમાં સુનાવણી

નવીદિલ્હી,તા. ૨૫

દેશભક્ત નાથુરામ ગોડસ ફિલ્મ સામે દાવો કરવામાં આવ્યો છે. જે અંગેની સુનાવણી આવતીકાલે પુણેની અદાલતમાં હાથ ધરવામાં આવશે. આ ફિલ્મ ૩૦મી જાન્યુઆરીના દિવસે રજુ કરવામાં આવનાર છે. કાર્યક્રમ હેમંત પાટિલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, મહાસભાના જનરલ સેક્રેટરી મુન્નાકુમાર શર્મા મીડિયાના એક વર્ગમાં કહી ચુક્યા છે કે, ફિલ્મમાં એવું દર્શાવવામાં આવશે કે મહાત્મા ગાંધીનો હત્યારો નાથુરામ ગોડસે દેશભક્ત હતો જ્યારે ગાંધી હિંદુ વિરોધી હતા. સિવિલ જજ એસએસ નાયર સમક્ષ આ સુનાવણી આવતીકાલે હાથ ધરવામાં આવનાર છે. અરજીદારના વકિલ વાજીદ ખાન દ્વારા આ મુજબની રજુઆત કરાઈ છે. આ ફિલ્મ એ જ દિવસે રજુ કરવામાં આવનાર છે જે દિવસે ગોડસેએ મહાત્મા ગાંધીની હત્યા કરી હતી. એટલે કે ૩૦મી જાન્યુઆરીના દિવસે આ ફિલ્મ રજુ થશે. ૧૯૪૮માં મહાત્મા ગાંધીની હત્યા કરી દેવાઈ હતી. અરજીમાં ફિલ્મની રજુઆત ઉપર પ્રતિબંધ મુકવાની માંગ કરીને જણાવાયું છે કે, આ ફિલ્મ કોમવાદી તંગદીલીને વધારે તેવી ક્ષમતા ધરાવે છે. અરજીદારે ફિલ્મની રજુઆતને રોકી દેવા કહ્યું છે.

**સમગ્ર રાજ્યમાં રેડ એલર્ટની જાહેરાત કરાઇ**

## આસામ હિંસા : મોતનો આંક વધીને ૮૦

ગુવાહાટી,તા. ૨૫

આસામના કોકરાઝાર અને સોનિતપુર જિલ્લામાં નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટ ઓફ બોડોલેન્ડ (એનડીએફબી)ના બોડો બળવાખારો દ્વારા કરવામાં આવેલા ભીષણ હુમલામાં મોતનો આંકડો આજે વધીને ૮૦ ઉપર પહોંચી ગયો છે.માર્યા ગયેલાઓમાં ૨૧ મહિલા અને ૧૮ બાળકો પણ સામેલ છે. દરમિયાન આસામના ચાર જિલ્લાઓમાં સંચારબંધી યથાવત રાખવામાં આવી છે. જેમાં સોનીતપુર, ચિરાંગ, કોકરાઝાડનો સમાવેશ થાય છે. પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. દરમિયાન આસામના મુખ્યપ્રધાન તરૂણ ગોગોઈ દ્વારા હિંસાના મામલે તપાસ એનઆઈએ મારફતે કરાવવાની માંગ કરી છે. કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથ સિંહે ગોગોઈ સાથે વાતચીત કરી છે. આસામ સરકારે આ હત્યાકાંડ બાદ અચોક્કસ મુદતની સંચારબંધી લાદી દીધી છે. સોનિતપુર અને કોકરાઝાર બન્ને જગ્યાએ કરાયેલા હુમલામાં મોતનો આંકડો વધી ગયો છે. હત્યાકાંડ આસામ અને અરુણાચલ વચ્ચેની આંતરરાજ્ય સરહદ નજીક સર્જાયા હતા. મુખ્યમંત્રી તરુણ ગોગોઈએ આ હુમલાને વખોડી કાઢીને કહ્યું છે કે, સરકાર હુમલા સમક્ષ ઝુંકશે નહીં અને તેમની માંગણી પણ સ્વીકારવામાં આવશે નહીં. આસામના મુખ્યમંત્રીએ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા અને પ્રધાનોને ઘટનાસ્થળ ઉપર મોકલવાનો આદેશ કર્યો છે. આર્મીને પણ હિંસાગ્રસ્ત વિસ્તારોમાં બોલાવી લેવામાં આવી છે. સોનિતપુર જિલ્લામાં ચાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સંચારબંધી લાદી દેવામાં આવી છે. બોડો બળવાખોરોએ ફરી એકવાર આતંક મચાવી દીધો છે. આ બળવાખોરોએ અંધાધુંધ ગોળીબાર કરીને લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે. માર્યા ગયેલા લોકોમાં મહિલાઓ અને બાળકો સામેલ છે. બળવાખોરોએ આદિવાસી સમુદાયને ટાર્ગેટ બનાવીને આ હુમલો કર્યો હતો. આ હત્યાકાંડ બાદ સમગ્ર આસામમાં રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. અર્ધલશ્કરી દળની વધારાની ટુકડી મોકલી દેવામાં આવી છે. યોજનાપૂર્વક આ હત્યાકાંડને અંજામ આપ્યા બાદ બળવાખોરો ફરાર થઈ ગયા હતા. આ હુમલાના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ છે. હવે રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. ઉંડી તપાસ પણ હાથ ધરવામાં આવી છે.

## અખિલેશે છ મહિનામાં મોદીને ૬૬ પત્રો લખ્યા

લખનૌ,તા. ૨૫

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે છેલ્લા છ મહિનાના ગાળામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૬૬ પત્રો લખ્યા છે. ઉત્તરપ્રદેશમાં વિકાસની કામગીરીને ઝડપી બનાવવા અને રાજ્યમાં અટવાઈ પડેલા પ્રોજેક્ટોને ઝડપથી આગળ વધારવા માટે શ્રેણીબદ્ધ પત્રો લખવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે ખૂબ ઓછા મુદ્દાઓ ઉપર જવાબ આપ્યો છે. યાદવે પત્રમાં જે બાબતોનો ઉલ્લેખ કર્યો હતો તેમાં બુંદેલખંડ પેકેજ, રાજ્યના વિજળી પ્લાન્ટમાં કોલસાની તંગી અને કેન્દ્રના પેકેજમાં રાજ્યની હિસ્સેદારી જેવી બાબતોનો સમાવેશ થાય છે. અખિલેશ યાદવે વડાપ્રધાન મોદીને મહિને ૧૧ પત્રો સરેરાશ લખ્યા છે. સમયે-સમયે યાદ પણ અપાવ્યું છે કે એનડીએ રાજ્યમાંથી ૭૩ સાંસદો ધરાવે છે. ફંડ અને પ્રોજેક્ટો લાવીને તેની પ્રગતિમાં સભ્યોએ યોગદાન આપવું જોઈએ. પરંતુ સાંસદો લવ જેહાદમાં વ્યસ્ત રહ્યા છે. ધર્માંતરણમાં વ્યસ્ત રહ્યા છે. વાતાવરણને બગાડવાના પ્રયાસ થઈ રહ્યા છે.પત્રમાં જણાવાયું છે કે, રમખાણો, લવજેહાદ અને ધર્માંતરણના મુદ્દા ઉઠાવવામાં આવી રહ્યા છે. ઉત્તરપ્રદેશે આવી બાબતો માટે ૭૩ સાંસદો આપ્યા નથી. પત્રમાં યાદવે વન્ય, વિજળી, માર્ગ, કૃષિ, મહિલા સશક્તિકરણ અને સામાજિક મુદ્દા ઉઠાવ્યા છે.

## રાહુલ બિનઅસરકારક : ૮ પૈકી ૭માં કોંગીની હાર થઈ

રાંચી,તા. ૨૫

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીની લોકપ્રિયતા બિલકુલ દેખાઈ રહી નથી. પક્ષના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ જે વિસ્તારમાં પણ ચુંટણી પ્રચાર કર્યો હતો તે વિસ્તારમાં કોંગ્રેસની કારમી હાર થઈ છે. કોંગ્રેસે એવી ૮ બેઠકો પૈકીની ૭ બેઠકો ગુમાવી દીધી છે જ્યાં રાહુલ ગાંધીએ ચુંટણી પ્રચારમાં ભાગ લીધો હતો. ભાજપ પ્રમુખ અમિત શાહે કહ્યું હતું કે, રાહુલ ગાંધીના પ્રચારના કારણે કોંગ્રેસની હાર થઈ છે. અમિત શાહે અગાઉ પણ આગાહી કરી હતી કે, રાહુલ ગાંધીના કારણે કોંગ્રેસની હાર થશે અને મંગળવારના પરિણામ આ બાબત સાબિત કરે છે. વિદાય લેતા પ્રધાન કેએન ત્રિપાઠી પણ દલ્તોનગંજ વિધાનસભા બેઠકથી હાર્યા છે. પલામુ જિલ્લામાં રાહુલે વિશાળ રેલી યોજી હતી. પાંચ તબક્કા પૈકીની ચારમાં રાહુલે પ્રચારમાં ભાગ લીધો હતો. નજીકના હરિફ નરેન્દ્ર મોદીની સામે રાહુલે ચુંટણી રેલી કરી હતી. કોંગ્રેસ પાર્ટીએ રાહુલની રેલીમાં લોકોને લાવવા માટે ખૂબ મહેનત કરી હતી. એક જગ્યાએ રાહુલે ઘણી બધી સમસ્યાઓની પણ વાત કરી હતી. બીજીબાજુ ભાજપના નેતાએ કહ્યું છે કે, રાહુલ કોંગ્રેસને ખૂબ પાછળ લઈ ગયા છે જ્યારે મોદીના નેતૃત્વમાં ભાજપ પ્રથમ વખત ઝારખંડમાં બહુમતી મેળવી લેવામાં સફળ રહ્યો છે. રાહુલે પ્રથમ તબક્કામાં માણિકા અને પંકીમાં ચુંટણી પ્રચાર કર્યો હતો. તમામ જગ્યાએ રાહુલને નિષ્ફળતા મળી છે. કોંગ્રેસે નિરાશાજનક દેખાવ કર્યો છે.

## દિલ્હીમાં ૫ અને ૧૦મી ફેબ્રુઆરી વચ્ચે ચૂંટણી યોજાય તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૨૫

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટેની તૈયારી કરી લેવામાં આવી છે. હવે કોઈ પણ સમય ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી શકે છે. દિલ્હીમાં પાંચમી અને ૧૦મી ફેબ્રુઆરી વચ્ચે ચૂંટણી યોજાય તેવી શક્યતા છે. ચૂટણી પંચે પોતે જાહેરાત કરી છે કે તમામ તૈયારી કરી લેવામાં આવી છે. હવે માત્ર ઔપચારિકતા બાકી રહી છે. બુધવારના દિવસે પંચે દિલ્હી ચૂંટણી અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. આ ઉપરાંત વહીવટીતંત્ર સાથે પણ વાતચીત કરી હતી. સુત્રોએ કહ્યું છે કે નાયબ ચૂંટણી પંચ વિનોદ જુત્સીના નેતૃત્વમાં આ બેઠક થઈ હતી. આ બેઠકમાં પંચે દિલ્હી ચૂંટણીની તૈયારીની સમીક્ષા કરી હતી. ચૂંટણીની તૈયારીના સંબંધમાં વાત કરવામાં આવી છે કે દિલ્હી પંચ ચૂંટણી માટે તૈયાર છે. શુક્રવાર એટલે કે આવતીકાલે આ સંબંધમાં વધુ એક બેઠક બોલાવવામાં આવી છે. સુત્રોએ કહ્યું છે કે જાન્યુઆરીમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. આ પ્રસંગે અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા ભારત આવી રહ્યા છે. ઓબામાની યાત્રાને ધ્યાનમાં લઈને જાન્યુઆરીમાં ચૂંટણી યોજનાર




નથી. જેથી ઓબામા પરત ફર્યા બાદ જ ચૂંટણી યોજાશે.સુત્રોએ કહ્યું છે કે પંચ પાંચમી અને ૧૦મી ફેબ્રુઆરીની વચ્ચે કોઈ પણ સમય ચૂંટણી યોજવા વિચારી રહ્યું છે. ચૂંટણી માટેની તારીખની જાહેરાત સાથે દિલ્હીમાં આંચાર સહિતાને અમલી બનાવવામાં આવનાર છે. દિલ્હીમાં મતદાન એક જ દિવસમાં યોજાશે. આગામી ૪૮ કલાકમાં ચૂંટણી કાર્યક્રમ માટેની જાહેરાત કરવામાં આવી શકે છે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત ૩૦મી ડિસમ્બર પહેલા કરવામાં આવે તેવી શક્યતા છે. દિલ્હીમાં ચોથી નવેમ્બરના દિવસે વિધાનસભાને ભંગ કરવાની ભલામણ કરવામાં આવ્યા બાદ રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યુ હતુ. રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યા બાદ છ મહિનામાં ચૂંટણી જરૂરી રહે છે. દિલ્હીમાં વિધાનસભાની ચુંટણી પહેલા ઘણા સર્વે હજુ સુધી જાહેર કરવામાં આવી ચુક્યા છે. જેમાં મોટાભાગના સર્વેમાં ભાજપને સ્પષ્ટ બહુમતી આપવામાં આવી રહી છે. જોકે, ચુંટણી કાર્યક્રમને લઈને ભાજપ પણ વિચારણામાં છે. કારણકે, અમેરિકી પ્રમુખ ઓબામા ભારતની મુલકાતે જાન્યુઆરીના અંતે આવી રહ્યા છે. જેથી મોદી પાસે પ્રચારનો સમય ઓછો રહેશે.

## સાઈબર ક્રાઈમને રોકવા માટે નિષ્ણાંત ગ્રુપ રચાયું

નવી દિલ્હી,તા. ૨૫

સાયબર હુમલાઓને લઈને ચિંતા તથા આતંકવાદી ગતિવિધિ માટે સોશિયલ મીડિયાના દુરુપયોગને લઈને ચિંતા વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા એક નિષ્ણાંત અભ્યાસ જુથની રચના કરી દીધી છે. જે દેશભરમાં સાઈબર ક્રાઈમને રોકવા માટે સર્વગ્રાહી રૂપરેખા તૈયાર કરશે. આ ગ્રુપમાં વરિષ્ઠ અર્થશાસ્ત્રીઓ, કોમ્પ્યુટર સાયન્સ અને સાઈબર સિક્યુરીટી પ્રોફેશનલો પણ રહેશે. સાઈબર મોનીટરીંગને વધુ મજબુત કરાશે.

એનજીઓ અને અન્ય સંસ્થાઓની પ્રવૃત્તિઓ ઉપર ધ્યાન મુકાશે. હાલમાં જ ગૃહપ્રધાન રાજનાથસિંહે લોકસભામાં કહ્યું હતુંકે, નિષ્ણાંત ગ્રુપની કામગીરી ખૂબ જ અસરકારક રહેશે. આ ગ્રુપ ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના આતંકવાદી સંગઠનો દ્વારા કરવામાં આવી રહેલા ઉપયોગના અનુસંધાનમાં મોનીટરીંગ રાખશે. સિંહે એમપણ કહ્યું હતું કે, બેંગ્લોર સ્થિત મહેદી બિસ્વાસની ધરપકડ બાદ જે બાબત સપાટી પર આવી છે. તેના તરફ ધ્યાન અપાઈ રહ્યું છે. મહેંદી આઈએસ તરફી ટ્વીટર એકાઉન્ટ હેન્ડલ કરી રહ્યો હતો. નિષ્ણાંત પેનલના પાંચ સભ્યોમાં તમામ નિષ્ણાંત લોકો છે. જેમાં સીડીએસીના ડિરેક્ટર જનરલ રજતમુના, ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સના પ્રોફેસર ક્રિશ્નન, કેર્ટના ડિરેક્ટર જનરલ ગુલશન રાય, કોમ્પ્યુટર સાયન્સના મનીદ્ર અગ્રવાલનો સમાવેશ થાય છે.

## ભારતભરમાં ક્રિસમસની પરંપરાગત ઉજવણી

નવી દિલ્હી,તા. ૨૫

દેશભરમાં આજે ક્રિસમસની ઉજવણી કરવામાં આવી રહી છે. તમામ ખ્રિસ્તી સમુદાયના સૌથી મોટા તહેવાર તરીકે ક્રિસમસની ઉજવણી સવારથી જ શરૂ થઈ ગઈ હતી. વિશ્વભરમાં તૈયારીઓ પહેલાથી જ કરી લેવામાં આવી હતી.આની તૈયારી ઘણા સમય પહેલાં શરૂ થઈ જાય છે. તમામ મોટી જગ્યાઓએ ક્રિસમસને લઈને સજાવટ કરવામાં આવી છે. તમામ ખ્રિસ્તીઓના સૌથી મોટા અને મહત્વપૂર્ણ તહેવાર ક્રિસમસનો શાબ્દિક અર્થ ક્રાઈસ્ટ્સ માસ હોય છે. ઈશાના જન્મ સન્માનમાં સામુહિક પ્રાર્થના આ દિવસે કરવામાં આવે છે. હકીકતમાં આ માત્ર પ્રાર્થના ના થઈને મોટા ઉત્સુક તરીકે છે. દર વર્ષે ૨૫મી ડિસેમ્બરના દિવસે આની ઉજવણી કરવામાં આવે છે. ઈશાના પૂર્વ



રોમરાજ્યમાં ૨૫મી ડિસેમ્બરના દિવસે દર વર્ષે સૂર્ય દેવ ડાયનોસિયર્સની પ્રાર્થના માટે એક તહેવારની ઉજવણી કરવામાં આવતી હતી. ત્યારબાદ ઈશાની પ્રથમ શતાબ્દીમાં ખ્રિસ્તી સમુદાયના લોકો મહાપ્રભુ ઈશાના જન્મ દિવસની ઉજવણી પણ આ જ દિવસે કરવામાં લાગી ગયા હતા. ક્રિસમસ ટ્રીની પણ ખૂબ જ પરંપરા રહેલી છે. મહાપુરુષ ઈશુ ખ્રિસ્તનો જન્મ થયો ત્યારે તેમના માતા-પિતાને શુભેચ્છા આપવા માટે પહોંચ્યા હતા અને આ લોકો સજાવટવાળા ટ્રી લઈને પહોંચ્યા હતા અને સદાબહાર ટ્રીની રચના કરી હતી. એમ માનવામાં આવે છે કે એ જ દિવસથી દર વર્ષે સજાવટવાળા આ ક્રિસમસ ટ્રી બનાવવામાં આવે છે. આને સજાવાની પરંપરા જર્મનીમાં ૧૦મી શતાબ્દીમાં થઈ હતી અને તેની શરૂઆત કરનાર પ્રથમ વ્યક્તિ બેની ફેન્સ ટુયો નામની વ્યક્તિ હતી જે એક અંગ્રેજ ધર્મ પ્રચારક હતા. ત્યારબાદ અમેરિકાના એક આઠ વર્ષના માદા બાળકે ક્રિસમસ ટ્રીને પોતાના પિતા પાસેથી સજાવટ કરાવી હતી અને ક્રિસમસ ટ્રીને રંગબેરંગી લાઈટો લગાડી હતી. ત્યારબાદથી જુદી રીતે પણ આની ઉજવણી શરૂ થઈ.

**હવામાન સંબંધિત વિગત મળશે**

## એસએમએસ સ્થિત વોર્નિંગ સિસ્ટમ લોન્ચ

નવી દિલ્હી,તા. ૨૫

ભારતીય હવામાન વિભાગે હવામાન અને ડિઝાસ્ટર સંબંધિત માહિતી ઉપલબ્ધ કરાવવા માટે હવે એસએમએસ આધારિત એક એલર્ટ સિસ્ટમ શરૂ કરી ચુકી છે. ૨૪ કલાક સુધી વેબ આધારિત ઓપરેશનલ સિસ્ટમ કામ કરશે. આઈએમડી હવામાન વિભાગની સત્તાવાર વેબસાઈટ ડબલ્યુડબલ્યુ ડોટ આઈએમડી ડોટ ગવર્મેન્ટ ડોટ ઈનમાં પોતાની નોંધણી કરાવનાર તમામ વ્યક્તિગતોને એસએમએસ મોકલશે અને માહિતી ઉપલબ્ધ કરાવશે. સુશાસન દિવસના ભાગરૂપે ઉજવણીવેળા આ સિસ્ટમ લોન્ચ કરવામાં આવી હતી. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના જન્મદિવસના પ્રસંગે આ સેવા શરૂ કરાઈ હતી. કેન્દ્રીય વિજ્ઞાન પ્રધાન હર્ષવર્ધને કહ્યું હતુંકે, એસએમએસ આધારિત વેધર એલર્ટ સિસ્ટમ ડિઝીટલ ઈન્ડિયા પ્રોગ્રામના ભાગરૂપે છે.

## સમાચાર ઝલક

- સ્ટેચ્યુ ઓફ યુનીટી નર્મદા બંધ પર હીમનો પ્રારંભ ચાર વર્ષે કામ પૂર્ણ થશે.
- મહેસાણામાં ગેસ પાઈપ તૂટતાં ૪ હજાર કુટુંબોના ગેસના ચૂલા બંધ થયા.
- પ્રાંતિજ તાલુકાના પોગલુમાં નવી જન્મેલી દીકરીઓનું (બેટી) યુવક મંડળે સન્માન કર્યું.
- જેતલ વાસણાના યુવકે ઓછા કીલોમીટર આપતા બાઈક કંપની સામે કેસ કર્યો. ગ્રાહક તકરાર પંચે ડીલરને દંડ ફટકાર્યો.
- ગુડ ગવર્નન્સથી પ્રજાની મુશ્કેલી દુર થવી જોઈએ - મુખ્ય સચિવશ્રી
- બનાસકાંઠાના વાવ વિસ્તારની કેનાલમાં ગાબડું પડતાં બે કીલોમીટર સુધી પાણી ભરાયા.
- સુરત નજીક સચિન ગામમાં ૭ વર્ષના બાળકનું ૭ રૂપિયાની બાબતમાં અપહરણ કરાયું.
- કામરેજ તાલુકાના ટીંબા ગામે વૃદ્ધને ડાકણ માની પિતા-પુત્રએ હત્યા કરી.
- દહેગામમાં જવેલર્સ પાસેથી બેગ લુંટાઈ.
- સીરીયામાં આતંકવાદીઓએ વિમાન તોડી પાડયું પાયલોટને બંધક કર્યો.

## સ્વચ્છ ભારત ઝુંબેશ : ગાંગુલી સહિતના વધુ લોકોની પસંદગી

વારાણસી,તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વારાણસીમાં જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. તેમના સ્વચ્છ ભારત અભિયાનને આગળ વધારવાની વાત કરતાં મોદીએ તેમના મત વિસ્તારમાં પહોંચીને સ્વચ્છ ભારત અભિયાનને ટેકો આપવા બદલ લોકોની ભારે પ્રશંસા કરી હતી. ઐતિહાસિક સ્થળ ઉપર સાફ સફાઈની ઝુંબેશમાં સામેલ થવા બદલ લોકોનો આભાર પણ માન્યો હતો. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને વારાણસી હિંદુ યુનિવર્સિટીના સ્થાપક મદન મોહન માલવીયના જન્મદિવસે ગુડ ગવર્નન્સ ડેની ઉજવણી કરવા વારાણસી પહોંચેલા મોદીએ સાફસફાઈ ઝુંબેશમાં પણ ભાગ લીધો હતો. સાથે-સાથે સ્વચ્છ ભારત માટે વધુ લોકોની પસંદગી પણ કરી હતી. બીજી ઓક્ટોબરના દિવસે રાષ્ટ્રપિતા મહાત્માગાંધીની જન્મજયંતિ નિમિત્તે મોદીએ સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરી હતી. ૮મી નવેમ્બરે મોદીએ અસ્સીઘાટ પાસે પહોંચીને સ્વચ્છ ભારત અભિયાન છેડી દીધો હતો. આજે મોદી ફરી અસ્સીઘાટ પહોંચ્યા હતા.

લોકો, સામાજિક સંસ્થાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્ય સરકાર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. અગાઉ કચરાથી ભરચક રહેતા ઐતિહાસિક માતા ગંગા નદીના કિનારા હવે સ્વચ્છ દેખાઈ રહ્યા છે. તેઓએ તેમની છેલ્લી મુલાકાત દરમિયાન પણ કેટલાક નામનો ઉલ્લેખ કર્યો હતો. તેઓએ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર એકાઉન્ટ સહિતની સંસ્થાઓની પણ પસંદગી કરી છે.

**સ્વચ્છ ભારત માટે કોની કોની પસંદગી કરાઈ.....**

વારાણસી,તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વચ્છ ભારત માટે વધુ લોકોની આજે પસંદગી કરી હતી. જે લોકોની પસંદગી કરાઈ છે તે નીચે મુજબ છે.

- પદ્મના આચાર્ય (નાગાલેન્ડના રાજ્યપાલ)
- કિરણ બેદી (પૂર્વ આઈપીએસ ઓફિસર)
- સૌરવ ગાંગુલી (પૂર્વ ભારતીય કેપ્ટન)
- કપિલ શર્મા (લોકપ્રિય કોમેડિયન)
- સોનલ માનસિંહ (ક્લાસીકલ ડાન્સર)
- રામોજી રાવ (ઈનાડુ ગ્રુપ)
- અરુણ પુરી (ઈન્ડિયા ટુડે ગ્રુપ)

## જમ્મુ કાશ્મીર : ભાવિ નિર્ણય પ્રમુખ અમિત શાહ જ કરશે

જમ્મુ,તા. ૨૫

નાણાં પ્રધાન અરૂણ જેટલીએ આજે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરના ભાજપ ધારાસભ્યોએ પક્ષ પ્રમુખ અમિત શાહને રાજ્યમાં સરકારની રચના કરવાના મુદ્દે અંતિમ નિર્ણય લેવા સત્તા આપી દીધી છે. ભાજપના ચુંટાયેલા ધારાસભ્યો સાથે બેઠક યોજ્યા બાદ જમ્મુમાં કેન્દ્રીય નાણાં પ્રધાન અરુણ જેટલીએ આ મુજબની વાત કરી હતી. જેટલીએ કહ્યું હતું કે, તેઓ અંગત રીતે તમામ મુદ્દાઓ ઉપર ધારાસભ્યો સાથે ચર્ચા કરી ચુક્યા છે. અમિત શાહને હવે જવાબદારી સોંપવામાં આવી છે જેટલીએ વધુમાં કહ્યું હતું કે, રાજ્યમાં સરકારની રચના અંગે ભાજપ માટે ઘણા વિકલ્પો ખુલ્લા છે. જેટલીએ ઉમેર્યું હતું કે, પીડીપી અમારા કરતાં થોડીક વધુ સીટો ધરાવે છે પરંતુ લોકપ્રિય મત ભાજપની સાથે છે. જમ્મુ કાશ્મીર વિધાનસભાની ચુંટણીમાં ભાજપને ખૂબ મોટી સફળતા મળી છે.

ભાજપ સંસદીય બોર્ડની મિટીંગ ગઈકાલે યોજાઈ હતી. જેમાં અરૂણ જેટલી અને રાષ્ટ્રીય સેક્રેટરી અરુણસિંહને શ્રીનગર નિરીક્ષક તરીકે મોકલવાનો નિર્ણય કરાયો હતો. જેટલીએ એમપણ કહ્યું હતું કે, નવી રાજ્ય વિધાનસભાના નવા સભ્યો સાથે ભાજપ સતત સંપર્કમાં છે. પક્ષના અભિપ્રાય મેળવવામાં આવી રહ્યા છે. સરકારની રચના માટે ભાજપની ફોર્મ્યુલા ત્રણ મુદ્દા પર આધારિત રહેશે. જેમાં વિકાસ, ભારતની અંખડતતાને મજબુત કરવાની બાબત અને ક્ષેત્રિય સંતુલાને જાળવી રાખવાની બાબતનો સમાવેશ થાય છે. સુત્રોએ કહ્યું છે કે, પાર્ટી તમામ પ્રયાસ કરશે. ભાજપના નેતાઓને વિશ્વાસ છે કે અપક્ષોનો ટેકો પણ મળશે. જેથી સરકાર રચવાની સ્થિતિ થઈ શકે છે. જમ્મુ કાશ્મીરમાં હાલમાં યોજાયેલી ચુંટણીમાં કોઈને બહુમતિ નહીં મળતા ભારે દુવિધાપૂર્ણ સ્થિતિ સર્જાઈ છે.